सत्यमेव जयते

---

**વાપીના મહે.એડીશ્નલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબ શ્રી ની કોર્ટમાં.**

---

**ફરિયાદી:** શ્રી સ ર કા ર.

<u>**વિરૂધ્ધ**</u>

**આરોપી:– ઈન્દ્રજીત દેવનાથ યાદવ**

**હાલ રહે.**: રૂમ નં.૨૦૮, પરીશ્રમવીલા, વાપી રેલવે સ્ટેશનની પાસે, માનસી હોટલની બાજુમાં, વાપી ટાઉન, તા.વાપી, જી.વલસાડ.

<u>**મોટર વ્હીકલ એકટ ની કલમ ૧૮૫ અને ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૬(૧)બી મુજબ**</u>

---

ફરિયાદપક્ષ તરફે –વિ.એ.પી.પી.શ્રી ટી.વી.ચૌધરી
આરોપીપક્ષ તરફે –વિ.વ.શ્રી કે.જે.પાંડે

---

<u>**–: ઠ રા વ :–**</u>

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ વગર પાસ પરમીટે કેફી પીણાનો નશો કરી પોતાના કબ્જાનું વાહન હંકારી લાવી પકડાઈ જઈ એમ.વી.એકટ કલમ– ૧૮૫ અને પ્રોહીબીશન એકટ ની કલમ– ૬૬(૧)બી મુજબ નો ગુનો કરેલ હોય, સદરહુ બનાવ સબંધે ફરીયાદ નોંધાતા, ફરીયાદની તપાસના અંતમાં સદરહુ ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ થયેલ છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા બી.એન.એસ.એસ ની કલમ–૨૩૦ મુજબ પોલીસ તપાસ ના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડી, આક્ષેપિત ગુના સંબંધે તહોમતનામુ ફરમાવી આરોપી ને વાંચી સંભળાવી, સમજાવી થી

જવાબ લેતા આરોપીએ ગુનાનો ઈનકાર કરતા આ કામના આરોપી વિરુધ્ધ ગુનાની ઈનસાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામમાં ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| **-:: મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ::-** | | |
|---|---|---|
| **અનુ. નં.** | **સાહેદનું નામ** | **આંક.** |
| ૧. | પંચ સાહેદ સુરેશભાઈ પરસોત્તમદાસ ટેલરની જુબાની | ૦૫ |
| ૨. | પંચનામાંની નકલ | ૦૬ |
| ૩. | પંચસાહેદ રાકેશ હિરાલાલ ગાયકવાડની જુબાની | ૦૭ |

(૪) ફરિયાદી પક્ષે કેસની કાર્યવાહી દરમિયાન પોતાના તમામ મૌખિક પુરાવાઓ સંપૂર્ણ રીતે અને વિગતવાર રજૂ કર્યા પછી, આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ-૩૫૧ હેઠળ તેનું વધારાનું નિવેદન નોંધવાની તક આપવામાં આવી હતી. જોકે, આરોપીનું આ કલમ હેઠળ નિવેદન નોંધવામાં આવેલ નથી, કારણ કે તે આ તબક્કે હાજર થયો ન હતો. આરોપીને અદાલત દ્વારા પૂરતી તકો આપવામાં આવી હતી.આવા સંજોગોમાં, ગુજરાત હાઇકોર્ટના એક મહત્વના ચુકાદા, ધાંગાધ્રા કેમિકલ વર્ક્સ લિમિટેડ વિ. હબીબભાઇ જુમ્માભાઇ જામ, ને ધ્યાનમાં રાખીને, અદાલતે આરોપીનું વિશેષ નિવેદન નોંધવાનો તબક્કો બંધ કરવાનો નિર્ણય લીધો છે.

(૫) આ કેસમાં ફરિયાદી પક્ષ તરફથી વિદ્ધાન એ.પી.પી.શ્રી ટી.વી.ચૌધરી ની દલીલો સાંભળવામાં આવી જેને નિર્ણયના કારણો સાથે સાંકળી લેવામાં આવી છે.

(૬) આ કેસના નિર્ણય માટે નીચે મુજબ ના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદા ::-**

| | |
|---|---|
| (૧) | *શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ વગર પાસ પરમીટે કેફી પીણાનો નશો કરી પોતાના કબ્જાનું વાહન હંકારી લાવી* |

| | |
|---|---|
| | *પકડાઈ જઈ એમ.વી.એકટ ૧૮૫ અને પ્રોહીબીશન એકટ ની કલમ ૬૬(૧) બી મુજબ નો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?* |
| (૨) | શું હુકમ ? |

(૭) ઉપરોકત મુદ્દા પરત્વેના નિર્ણય નીચે પ્રમાણે છે.
  ૧. નકારમાં
  ૨. આખરી હુકમ મુજબ

**<u>-:: કા ર ણો ::-</u>**

**<u>મુદા નં. ૧</u>** :-

(૮) આ કેસમાં, ન્યાયના સ્થાપિત સિદ્ધાંતો અનુસાર, "પુરાવાનું મૂલ્યાંકન" શબ્દ ભારતીય પુરાવા અધિનિયમમાં વ્યાખ્યાચિત નથી અને તેના માટે કોઈ નિશ્ચિત કાનૂની નિયમ પણ નથી. પુરાવાની મૂલ્યાંકનની પ્રક્રિયા દરેક કેસની હકીકતો પર આધારિત હોય છે અને તે ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૩ માં આપેલ "સાબિત" અને "ના-સાબિત"ની વ્યાખ્યા પર નિર્ભર કરે છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજ ફરિયાદી પક્ષ પર હોય છે, જેને પોતાનો કેસ શંકારહિત રીતે સાબિત કરવાનો હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભાવનાના આધારે હકીકતો સ્વીકારાય છે, તે ફોજદારી કાર્યવાહીમાં લાગુ પડતું નથી. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજ ક્યારેય આરોપી પર ખસેડી શકાય નહીં, અને ફરિયાદીએ જ પોતાનો કેસ સાબિત કરવાનો હોય છે. વર્તમાન કેસમાં, પ્રોહિબિશન એક્ટની કલમ ૬૬(૧)બી હેઠળના ગુનાઓનો આરોપ છે. આ ગુનાઓ સાબિત કરવા માટે ફરિયાદી પક્ષે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ-૧૦૪ અને કલમ-૧૦૬ અનુસાર પુરાવા રજૂ કરવાની જવાબદારી નિભાવવાની હોય છે. આ સંદર્ભમાં, ફરિયાદમાં જણાવેલ હકીકતો અને કાયદા અનુસાર આરોપીએ ગુનો કર્યો હોવાનું સાબિત કરવાનો બોજ ફરિયાદી પક્ષ પર છે. ભારતીય પુરાવા અધિનિયમમાં એવું ક્યાંય નથી જણાવ્યું કે ફરિયાદીએ પોતાનો કેસ સાબિત કરવા ચોક્કસ સંખ્યામાં સાક્ષીઓ રજૂ કરવા જરૂરી છે. ફરિયાદી પક્ષે ફક્ત શ્રેષ્ઠ અને સુસંગત પુરાવા રજૂ કરવાના હોય છે, જે હંમેશા હકીકત સાથે સંબંધિત હોવા જોઈએ. ભારતીય પુરાવા અધિનિયમનો એક સ્થાપિત સિદ્ધાંત

એ પણ છે કે આરોપી સામેનો ગુનો હંમેશા નિ:શંકપણે સાબિત થવો જોઈએ. જો પુરાવામાં થોડી પણ શંકા ઉદ્‌ભવે, તો તેનો લાભ હંમેશા આરોપીને મળવો જોઈએ.

*(૮.૧)* ઉપરોક્ત સ્થાપિત સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને, આ કેસમાં રેકર્ડ પરના તમામ પુરાવાનું મૂલ્યાંકન કરતાં, ફરિયાદપક્ષના પંચ સાક્ષીઓની તપાસ કરવામાં આવી છે. આ પંચ સાક્ષીઓએ તેમની કોર્ટમાં રૂબરૂ જુબાનીમાં જણાવ્યું છે કે, તેઓએ ફક્ત તૈયાર કરેલા પંચનામામાં સહી કરી હતી. તે સિવાય, પંચનામાની વિગતો વિશે તેમને કોઈ જાણકારી નથી. વધુમાં, તેમણે સ્વીકાર્યું છે કે, પંચનામાની હકીકતો તેમને ખબર નથી, અને પંચનામું કઈ બાબતનું છે તે પણ તેમને જાણ નથી. સરકારી વકીલ (એ.પી.પી.) દ્વારા બંને પંચોને વિમુખ જાહેર કરીને સૂચક પ્રશ્નો પૂછવામાં આવ્યા હોવા છતાં, તેમણે પંચનામાની વિગતોને લેશમાત્ર સમર્થન આપ્યું નથી. આથી, સદર પંચનામું પુરવાર થયેલું નથી.

(૮.૨) સદર કામે તપાસ કરનાર અમલદાર દ્વારા રજુ કરવામાં આવેલ આખરી અહેવાલ જોવામાં આવે તો, સબબ કામે ફકત પંચો જ સ્વતંત્ર સાહેદો છે. તેમજ પંચોએ પંચનામાની વિગત ને લેશમાત્ર સમર્થન આપેલ નથી. હાલના કામના આરોપીના લોહીનો નમુનો કેમીકલ તપાસની અર્થે લીધેલ હોય તો તેનું એફ.એસ.એલ. ફોર્મ–સી ત.ક.અ.શ્રી દ્વારા રજુ કરવામાં આવેલ નથી. તેમજ ચાર્જશીટમાં મેડિકલ ઓફિસરનું નામ જણાવેલ નથી, વળી, **સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકાર મનીક પટેલ (૧૯૭૯ ક્રી.લો.જ. મહા. ૪૨૧)** માં પ્રસ્થાપીત કરેલ છે કે, જ્યારે પંચો સાહેદો દ્વારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગો માં ફરિયાદી તથા અન્ય પોલીસ સાહેદોની સોગંધપર ની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી. તથા  નામ. ગુજરાત ઉચ્ચ અદાલતના **THE STATE OF GUJARAT vs YADVENDRASING SARDAR SURJITSING JAT (SHIKH) 2016 (4) GLR 31** ના ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે, *"In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the*

*prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper."*

(૯) મોટર વ્હીકલ એક્ટ, ૧૯૮૮ ની કલમ ૧૮૫ નશામાં વાહન ચલાવવા (Driving under the influence of alcohol or drugs) સાથે સંબંધિત છે. આ કલમ મુજબ, જો કોઈ વ્યક્તિ દારૂ કે નશીલા પદાર્થોના પ્રભાવ હેઠળ વાહન ચલાવે અને તેના શ્વાસ કે લોહી  માં આલ્કોહોલનું પ્રમાણ નિર્ધારિત મર્યાદાથી વધુ હોય, તો તે ગુનો ગણાય છે. જો વ્યક્તિના લોહીમાં ૧૦૦ મિલીલીટર દીઠ ૩૦ મિલિગ્રામથી વધુ આલ્કોહોલ મળે અથવા શ્વાસના નમૂનામાં આલ્કોહોલનું પ્રમાણ નિર્ધારિત મર્યાદાથી વધુ હોય, તો તે ગુનો ગણાય.એમ.વી. એક્ટ ૧૮૫ હેઠળ, જો આરોપી પર દારૂના નશામાં વાહન ચલાવવાનો આરોપ હોય, તો પ્રોસિક્યુશન (ફરિયાદી પક્ષ) એ શ્વાસ પરીક્ષણ (બ્રેથલાઈઝર ટેસ્ટ) અથવા લોહી પરીક્ષણના પરિણામો રજૂ કરવા જરૂરી છે, જે દર્શાવે કે આરોપીના શરીરમાં આલ્કોહોલનું પ્રમાણ કાયદેસર મર્યાદાથી વધારે હતું. જો આવા પરીક્ષણો ન થયા હોય, પરીક્ષણોના પરિણામો રજૂ ન થયા હોય, અથવા પરીક્ષણોની પ્રક્રિયામાં ખામી હોય તો આરોપીને નિર્દોષ જાહેર કરવાની શક્યતા વધે છે.આમ, આ કામે રજૂ થયેલ પંચનામના પંચએ ફરીયાદપક્ષના કેસને બિલકુલ સમર્થન આપેલ નથી. રેકર્ડ ઉપર રજુ થયેલા તમામ પુરાવા જોતા આરોપી દારૂ પીધેલી હાલતમાં પકડાયેલ હોય તે હકીકત સાબિત થતી નથી.તેમજ આ કેસમાં, આરોપીની મેડિકલ તપાસ મેડિકલ ઓફિસર દ્વારા કરવામાં આવી ન હતી. ગુજરાત પ્રોહિબિશન એક્ટ હેઠળ, દારૂના સેવનની પુષ્ટિ માટે બ્લડ અથવા યુરિન ટેસ્ટ જેવી મેડિકલ તપાસ આવશ્યક ગણાય છે. જો કે, આ કેસમાં મેડિકલ ઓફિસરની ગેરહાજરીમાં આવી કોઈ તપાસ થઈ નથી. તપાસ અધિકારીએ પંચનામામાં નોંધ્યું હતું કે આરોપી પાસેથી દારૂની ગંધ આવતી હોવાનું લાગ્યું હતું, પરંતુ આરોપીએ દારૂનું સેવન કર્યું હોવાનો કોઈ નક્કર પુરાવો મળેલ ન હતો.આ કલમ હેઠળ, દારૂના સેવનનો આરોપ સાબિત કરવા માટે નક્કર પુરાવા, જેમ કે મેડિકલ રિપોર્ટ અથવા બ્લડ ટેસ્ટ, આવશ્યક છે. આ કેસમાં, મેડિકલ ઓફિસર દ્વારા કોઈ તપાસ થઈ નથી, જેના કારણે આરોપની પુષ્ટિ

માટે પૂરતા પુરાવા નથી. પંચો અને તપાસ અધિકારીની નોંધો દારૂની ગંધનો ઉલ્લેખ કરે છે, પરંતુ આ નોંધો વૈજ્ઞાનિક પુરાવા તરીકે ગણી શકાય નહીં. ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૩૧ અને ૩૨ અનુસાર, પોલીસ અધિકારીની સામે કરેલી કબૂલાત અથવા શારીરિક નિરીક્ષણ આધારિત નોંધો વિના મેડિકલ પુરાવા ગુનો સાબિત કરવા માટે પૂરતી નથી. આ કલમ હેઠળ, જાહેર સ્થળે નશામાં હોવું અને અશોભનીય વર્તન કરવું ગુનો ગણાય છે. જો કે, આ કેસમાં પંચો અને સાક્ષીઓના નિવેદનો અનુસાર, આરોપીએ કોઈ અશોભનીય વર્તન કરેલ નથી. આથી, કલમ ૮૫(૧) હેઠળનો આરોપ પણ સાબિત થતો નથી. વધુમાં, નશાની સ્થિતિની પુષ્ટિ માટે મેડિકલ તપાસ આવશ્યક છે, જે આ કેસમાં થઈ નથી. પંચનામું અને તપાસ અધિકારીની નોંધો મહત્વપૂર્ણ છે, પરંતુ તે માત્ર પ્રાથમિક પુરાવા તરીકે ગણાય છે. આ નોંધો વૈજ્ઞાનિક પુરાવાને બદલે નિરીક્ષણ આધારિત છે, જે ગુજરાત પ્રોહિબિશન એક્ટની આવશ્યકતાઓને પૂર્ણ કરતી નથી. સુપ્રીમ કોર્ટના અનેક ચુકાદાઓમાં (દા.ત. *State of Gujarat vs. Shantilal*, 1966) એ સ્પષ્ટ કરવામાં આવેલ છે કે દારૂના સેવનનો આરોપ સાબિત કરવા માટે મેડિકલ પુરાવા આવશ્યક છે.તેથી આ કામના આરોપી સામે ગુનામાં સાંકળિ તકસીરવાર ઠરાવવા માટે યોગ્ય અને જરૂરી પુરાવાનો અભાવ હોય, આરોપી સામે એમ.વી.એકટ ૧૮૫ અને પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી મુજબ નો ગુન્હો ફરિયાદપક્ષ નિ:શંક પણે શંકાથી પર સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ હોય જેથી તેઓને નિર્દોષ છોડી મુકવાનો ન્યાયોચીત જણાય આવે છે. જેથી, મુદ્દા નં ૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: હુ ક મ :: –**

(૧) આ કામના **આરોપી:– ઈન્દ્રજીત દેવનાથ યાદવ, હાલ રહે.: રૂમ નં.૨૦૮, પરીશ્રમવીલા, વાપી રેલવે સ્ટેશનની પાસે, માનસી હોટલની બાજુમાં, વાપી ટાઉન, તા.વાપી,જી.વલસાડ** નાઓને બી.એન. એસ.એસ ની કલમ–૨૭૧ અન્વયે એમ.વી.એકટ ૧૮૫ અને પ્રોહીબીશન એકટ ની કલમ ૬૬(૧)બી મુજબના શિક્ષાનેપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી

મુકવા નો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આરોપીએ અગાઉ આપેલ જામીન બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદામાલ અંગે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવામા આવે છે, અન્યથા અપીલ સમયબાદ નિયમ અનુસાર નિકાલ કરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૨૦/૦૭/૨૦૨૬**
**સ્થળ : વાપી**

**(કીર્તિ.એસ. સોની)**
**એડીશ્નલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**તાલુકો–વાપી, જિલ્લો–વલસાડ**
**UID no. GJ01649**

**(Guj.Steno.J.B.Makvana)**